peel District School Board

# સપ્ટેમ્બર 2020માં સેકન્ડરી સ્કૂલ્સ ફરીથી ખુલે તે વખતે શું અપેક્ષા રાખવી

### *ગ્રેડ 9 થી 12*

COVID-19 રોગચાળાએ રજૂ કરેલા પડકારો હોવા છતાં, અમે એકસાથે ભણવાના બીજા શાળા-વર્ષ માટે, તમારા કિશોરનું સ્વાગત કરવા માટે ઉત્સાહિત છીએ. શાળામાં સલામત પરત આવવાની તૈયારીમાં તમારી સહાય કરવા માટે, શાળા વર્ષ 2020-21 માટે પુનઃ ખોલવાનાં અમારાં આયોજનોની ઝાંખી અહીં આપવામાં આવી છે.

વધુ માહિતી www.peelschools.org/reopening પર ઉપલબ્ધ છે

## અનુકૂળ કરવામાં આવેલ મોડેલની સમજણ: રૂબરૂ અને ઑનલાઇન શિક્ષણનું મિશ્રણ

માધ્યમિક વિદ્યાર્થીઓ દરેક વર્ગના આશરે 15 વિદ્યાર્થીઓના કોહર્ટ્સ (જૂથો)માં રૂબરૂ શિક્ષણ અને દૂરસ્થ શિક્ષણના મિશ્રણ સાથે અનુકૂળ કરવામાં આવેલ મોડેલ પર શાળામાં પાછા ફરશે.

## અન્ય વિકલ્પ: પીડીએસબી ઑનલાઇન સ્કૂલ મારફત ઘરે ભણો

શાળા-વર્ષ 2020-21 માટે શાળામાં રૂબરૂ હાજર રહેવું મરજિયાત છે. જો પરિવારો તેમના બાળકોને શિક્ષણ માટે શાળામાં રૂબરૂ ન મોકલવાનું પસંદ કરે છે, તો તેઓ તેના બદલે ઘરેથી ફક્ત દૂરસ્થ શિક્ષણ દ્વારા જ ભણી શકે છે. આ વિદ્યાર્થીઓની નોંધણી અમારી નવી *પીડીએસબી ઑનલાઇન સ્કૂલ*માં કરવામાં આવશે.

*પીડીએસબી ઑનલાઇન સ્કૂલ*, ઑનલાઇન અનુભવો અને અનુગામી પ્રવૃત્તિઓ દ્વારા ઓન્ટારિઓનો સંપૂર્ણ અભ્યાસક્રમ લાઇવ આપશે, જેના પર વિદ્યાર્થીઓ ઘરેથી કામ કરશે. આ શિક્ષણ પીલ બોર્ડના શિક્ષકો દ્વારા આપવામાં આવશે, પરંતુ એ જરૂરી નહીં હોય કે તે તમારા કિશોરની શાળાના જ શિક્ષક દ્વારા થાય.

માધ્યમિક શાળામાં, ઑનલાઇન મર્યાદિત વિષયો પ્રસ્તુત કરવામાં આવશે. *પીડીએસબી ઑનલાઇન સ્કૂલ* ગ્રેજ્યુએશન અને માધ્યમિક શિક્ષણ પછીના અગાઉથી આવશ્યક એવા અભ્યાસક્રમો માટેના જરૂરી મુખ્ય વિષયોના ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરશે.

## શિક્ષણનાં (અધતન કરેલાં) મોડેલ વચ્ચે ફેરબદલી કરવી

માધ્યમિક વિદ્યાર્થીઓ સ્કૂલના પ્રથમ અઠવાડિયાના અંત સુધી **દૂરસ્થ શિક્ષણથી અનુકૂળ કરવામાં આવેલ શિક્ષણ મોડેલ** તરફ બદલાવી શકે છે. તે પછી, જો વિદ્યાર્થીઓએ સંપૂર્ણ દૂરસ્થ શિક્ષણની પસંદગી કરી હોય, તો તેઓ તે ક્વાડમેસ્ટર દરમિયાન, *પી.ડી.એસ.બી. ઑનલાઇન સ્કૂલ*માં રહેશે (અમારા ક્વાડમેસ્ટર મોડેલ વિશે વધુ જાણવા માટે હવે પછીનું પાનું જુઓ).

જો વિદ્યાર્થીઓએ **રૂબરૂમાં શાળાએ જવાનું પસંદ કર્યું હોય અને તે પીડીએસબી ઑનલાઇન શાળામાં જવા માંગે** છે, તો જ્યાં સુધી એ અભ્યાસક્રમ ઑનલાઇન ઓફર કરાતો હશે, ત્યાં સુધી તેઓ તેમ કરી શકશે. આ બદલાવથી પરિવારોને મદદ કરવા શાળાઓ વિદ્યાર્થીઓ સાથે કાર્ય કરશે.

# નવું અનૂકુળ કરવામાં આવેલું મોડેલ:
# રૂબરૂ અને દૂરસ્થ શિક્ષણનું મિશ્રણ

## શાળાનાં સમયપત્રકો અને કોહર્ટ્સ

શાળા-વર્ષને ચાર ક્વાડમેસ્ટરમાં વહેંચવામાં આવશે. દરેક ક્વાડમેસ્ટરમાં, વિદ્યાર્થીઓ લગભગ 10 અઠવાડિયામાં બે અભ્યાસક્રમો પર ધ્યાન કેન્દ્રિત કરશે.

વિદ્યાર્થીઓ વચ્ચે ક્રિયા-પ્રતિક્રિયા મર્યાદિત થાય તેમાં મદદ કરવા, દરેક રૂબરૂમાં હાજર વર્ગના માધ્યમિક વિદ્યાર્થીઓને ફરતા સમયપત્રક પર, **કોહર્ટ એ અથવા બી**માં નિયત કરવામાં આવશે. 'કોહર્ટ એ'ના વિદ્યાર્થીઓ એક અઠવાડિયે સોમવાર, મંગળવાર, બુધવાર અને તે પછીના અઠવાડિયે સોમવાર તથા મંગળવારે શાળામાં હાજર રહેશે (ચાર્ટ જુઓ).

## રૂબરૂમાં હાજર રહેનાર માધ્યમિક વિદ્યાર્થીનું સમયપત્રક

આ પત્રક દર્શાવે છે કે કોહર્ટ એ અને બી કયા દિવસોએ શાળામાં રૂબરૂ હાજરી આપશે, તેમજ એ દિવસે કયા અભ્યાસક્રમ શીખવવામાં આવશે.

| | **સોમવાર** | **મંગળવાર** | **બુધવાર** | **ગુરૂવાર** | **શુક્રવાર** |
|---|---|---|---|---|---|
| **સપ્તાહ** 1 | **કોહર્ટ એ**<br>**પિરિઅડ** 1<br>**ક્લાસ** | **કોહર્ટ એ**<br>**પિરિઅડ** 2<br>**ક્લાસ** | **કોહર્ટ એ**<br>**પિરિઅડ** 1<br>**ક્લાસ** | **કોહર્ટ બી**<br>**પિરિઅડ** 1<br>**ક્લાસ** | **કોહર્ટ બી**<br>**પિરિઅડ** 2<br>**ક્લાસ** |
| **સપ્તાહ** 2 | **કોહર્ટ એ**<br>**પિરિઅડ** 1<br>**ક્લાસ** | **કોહર્ટ એ**<br>**પિરિઅડ** 2<br>**ક્લાસ** | **કોહર્ટ બી**<br>**પિરિઅડ** 1<br>**ક્લાસ** | **કોહર્ટ બી**<br>**પિરિઅડ** 1<br>**ક્લાસ** | **કોહર્ટ બી**<br>**પિરિઅડ** 2<br>**ક્લાસ** |
| **સપ્તાહ** 3 | **કોહર્ટ એ**<br>**પિરિઅડ** 1<br>**ક્લાસ** | **કોહર્ટ એ**<br>**પિરિઅડ** 2<br>**ક્લાસ** | **કોહર્ટ એ**<br>**પિરિઅડ** 2<br>**ક્લાસ** | **કોહર્ટ બી**<br>**પિરિઅડ** 1<br>**ક્લાસ** | **કોહર્ટ બી**<br>**પિરિઅડ** 2<br>**ક્લાસ** |
| **સપ્તાહ** 4 | **કોહર્ટ એ**<br>**પિરિઅડ** 1<br>**ક્લાસ** | **કોહર્ટ એ**<br>**પિરિઅડ** 2<br>**ક્લાસ** | **કોહર્ટ બી**<br>**પિરિઅડ** 2<br>**ક્લાસ** | **કોહર્ટ બી**<br>**પિરિઅડ** 1<br>**ક્લાસ** | **કોહર્ટ બી**<br>**પિરિઅડ** 2<br>**ક્લાસ** |

*નોંધ:* વિદ્યાર્થીઓ 5 પિરિઅડના દિવસ માટે (પીલ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડમાં માત્ર થોડીક જ છે એવી) શાળામાં હાજરી આપશે, તેમનું સમયપત્રક ઉપર બતાવ્યા કરતાં થોડુંક અલગ હશે. આ શાળાઓ પોતાનું સમયપત્રક પરિવારો સાથે સીધું શૅર કરશે.

### શાળાઓ શરૂ થવાનો સમય (મોટાભાગના કિસ્સાઓમાં) સરખો રહેશે

નિયત કરવામાં આવેલા દિવસે સ્કૂલમાં આવતા વિદ્યાર્થીઓ, 150 મિનિટ રૂબરૂ ભણતર માટે આવશે, અને તે પછી ઑનલાઇન ભણવાનું ચાલુ રાખવા માટે ઘરે પરત જશે. જો વિદ્યાર્થીએ શાળાએ ન જવાનું નક્કી કર્યું હોય, તો તેમણે શાળા-દિવસ દરમિયાન ઘરે દૂરસ્થ શિક્ષણમાં વ્યસ્ત રહેવાની જરૂર રહેશે.

*જેમને રૂબરૂ ભણવા માટે શાળાએ આવવાનું છે એવા 'કોહર્ટ એ'ના વિદ્યાર્થી માટેના દૈનિક સમયપત્રકનો આ એક નમૂનો છે. શાળા શરૂ થવાના સમય બદલાઇ શકશે.*

| નમૂનાનો સમય | | |
|---|---|---|
| સવારના 8:30 થી સવારના 11 (150 મિનિટ) | **કોહર્ટ એ** શાળામાં | **કોહર્ટ બી** દૂરસ્થ શિક્ષણ (ઘરે) |
| સવારના 11 | વિદ્યાર્થીને જવા દેવા **કોહર્ટ એ** દૂરસ્થ શિક્ષણ ચાલુ રાખવા ઘરે પરત આવે છે | |
| સવારના 11 થી બપોરના 12 | શિક્ષકનો ભોજન વિરામ | |
| બપોરના 12 થી 1:15 (75 મિનિટ) | **કોહર્ટ એ અને બી** દૂરસ્થ શિક્ષણ (ઘરે) મદદ અને સ્વતંત્ર અભ્યાસ | |
| બપોરના 1:15 થી 2:30 (75 મિનિટ) | **કોહર્ટ એ અને બી** વર્ગખંડના શિક્ષક સાથે વાસ્તવિક સમયનું (ઘરે) દૂરસ્થ શિક્ષણ | |

## આરોગ્ય અને સલામતીનાં વધારવામાં આવેલાં પગલાં

### સ્ક્રિનિંગ અને ક્યારે ઘરે રહેવું

સલામત શાળા એ હંમેશાં સંપૂર્ણ હાજરીના રેકોર્ડ કરતાં વધુ મહત્વપૂર્ણ હોય છે.

પરિવારોએ બસ સ્ટોપ પર અને સ્કૂલે પહોંચતા પહેલાં પોતાના કિશોરનું દૈનિક સ્ક્રિનિંગ કરવા માટે આ ચેકલિસ્ટનો ઉપયોગ કરવો આવશ્યક છે. જો તમારું કિશોર સંતાન કોઈ લક્ષણો અનુભવી રહ્યું હોય, તો કૃપા કરીને તેને ઘરે રાખો અને જરૂરિયાત અનુસારની તબીબી સહાય મેળવો. જો વિદ્યાર્થીઓ સ્કૂલમાં હોય ત્યારે COVID-19નાં લક્ષણો દર્શાવે છે, તો તેઓ ઘરે પરત જશે અથવા ઘરે લઈ જવાય તેની રાહ જોવા માટે એક વિશિષ્ટ એકાંત (આઇસોલેશન) રૂમમાં જશે. ચેકલિસ્ટ જુઓ: https://covid-19.ontario.ca/self-assessment/

## માસ્ક અને/અથવા ચહેરાનું આવરણ પહેરો

શિક્ષણ મંત્રાલય દ્વારા ફરજિયાત કરાયા અનુસાર, ધોરણ 1 થી 12ના વર્ગના વિદ્યાર્થીઓએ બોર્ડના પરિવહન (દા.ત. બસો)માં અને શાળાની અંદર (દા.ત. વર્ગ અને હૉલવેઝ દરમિયાન) માસ્ક અને/અથવા ચહેરાના આવરણનો ઉપયોગ કરવો જરૂરી છે. વાજબી અપવાદો લાગુ થશે. ઓન્ટારિઓ સરકારની આ માર્ગદર્શિકાઓ (Government of Ontario's guidelines)ની સમીક્ષા સાથે મળીને કરીને તમારા કિશોરને માસ્ક પહેરવાની ટેવ પાડવામાં મદદ કરો.

જો તમારી કોઇ ચિંતાઓ હોય, તો કૃપા કરીને તમારી શાળાના આચાર્ય સાથે વાત કરો.

## હાથની સ્વચ્છતાનું આચરણ કરો

હેન્ડ સેનિટાઇઝર શાળાના પ્રવેશ પર અને દરેક વર્ગખંડમાં ઉપલબ્ધ રહેશે. વિદ્યાર્થીઓ અને સ્ટાફને, જ્યારે તેઓ શાળાના મકાનમાં અને વર્ગખંડમાં, જમતા પહેલાં અને પછી, વૉશરૂમનો ઉપયોગ કર્યા પછી અને દિવસ દરમિયાન અન્ય સમયે પ્રવેશ કરશે; ત્યારે હાથને સ્વચ્છ (સેનિટાઇઝ) કરવા માટે જણાવવામાં આવશે. તમામ વર્ગો માટે વૉશરૂમના અને હાથ ધોવાના નક્કી કરવામાં આવેલા વિરામ હશે.

## બીજાઓથી સુરક્ષિત અંતર રાખો

વિદ્યાર્થીઓ અને અન્ય કોહર્ટ્સ/વર્ગો વચ્ચે શક્ય તેટલા અંતરને પ્રોત્સાહિત કરવા માટે શાળાની નવી દિનચર્યા ગોઠવાયેલી હશે.

આમાં, એક જ દિશામાં જતા હૉલ-વે, કોહર્ટિંગ, બાળકોને મૂકી જવાના અને લઈ જવા માટેના સુધારેલ નિત્યક્રમ, સહિયારી કરીને વપરાતી બંધ જગ્યાઓ (જેવી કે લાયબ્રેરી, ઓડિટોરિયમ, કાફેટેરિયા અને ચેન્જ-રૂમ્સ), બેસીને કરવાનાં એસાઇનમેન્ટ્સ, સમગ્ર શાળામાં વર્ગની આવન-જાવનનું સંકલન અને બીજું ઘણું સામેલ છે. અન્ય લોકો સાથેના સંપર્કને મર્યાદિત કરવા માટે, વિદ્યાર્થીઓ આરોગ્ય અને શારીરિક શિક્ષણના અપવાદ સિવાયના, તમામ વિષયો માટે પોતાના જ વર્ગખંડમાં રહેશે.

## વધારવામાં આવેલી સફાઇ અને જીવાણું નાશકક્રિયાની દિનચર્યાઓ

જાહેર આરોગ્ય એજન્સીઓ અને શિક્ષણ મંત્રાલયના માર્ગદર્શનના આધારે શાળાની દિનચર્યાનાં તમામ પાસાંમાં આરોગ્ય અને સલામતીનાં નવાં વધારવામાં આવેલ પગલાં ઉમેરવામાં આવ્યાં છે. જે સપાટીને વારંવાર સ્પર્શ કરવામાં આવતી હોય તે સહિત માટે, સફાઇ કર્મચારીઓ શાળાની દૈનિક સફાઇ અને જીવાણું નાશકક્રિયા માટે હોસ્પિટલ-ગ્રેડનાં જીવાણુનાશકોનો ઉપયોગ કરશે. જુદાં જુદાં જૂથો -કોહર્ટ્સ- દ્વારા સહિયારી કરવામાં આવેલી જગ્યાઓ ઉપયોગ પહેલાં અને પછી સાફ અને જંતુમુક્ત કરવામાં આવશે.

## બસની નવી દિનચર્યાઓ

સ્કૂલ બસમાં, વિદ્યાર્થીઓને વર્ગખંડનાં કોહર્ટ્સ અને એક જ ઘરના ભાઈ-બહેનને ધ્યાનમાં રાખીને બેઠકો નિયત કરવામાં આવશે. જે સપાટીને વારંવાર સ્પર્શ કરવામાં આવતી હશે, તેને બસની આવન-જાવન વચ્ચે વચ્ચે, ડ્રાઈવર દ્વારા સાફ કરવામાં આવતી રહેશે.  1 થી 12 ગ્રેડના વિદ્યાર્થીઓ માટે માસ્ક અને/અથવા ચહેરાનું આવરણ આવશ્યક છે. વાજબી અપવાદો લાગૂ પડશે.

જો તમારું બાળક બોર્ડ દ્વારા પ્રદાન કરવામાં આવતા પરિવહનનો ઉપયોગ કરવાનું ન હોય, તો કૃપા કરીને આ ફોર્મ Student Transportation of Peel Region Opt-out Form ભરો.

## વિશિષ્ટ શિક્ષણ

વિશિષ્ટ શિક્ષણની આવશ્યકતા ધરાવતા માધ્યમિક વિદ્યાર્થીઓ, જે ઘરેથી અભ્યાસ કરવામાં અસમર્થ હોય, તેઓને દરરોજ હાજરી આપવાની અને ભણવાની મંજૂરી આપવામાં આવશે. વ્યક્તિગત શિક્ષણ યોજનાઓ એવા વિદ્યાર્થીઓ માટે સમર્થન આપવાનું ચાલુ રાખશે જેઓ રૂબરૂ અને ઘરે શીખી રહ્યા છે. વિશિષ્ટ શિક્ષણના વિદ્યાર્થીઓને લગતી અમારી યોજનાઓ જુઓ.

## માનસિક આરોગ્ય અને સામુદાયિક સમર્થનો

આ પડકારજનક સમય દરમિયાન, પીલ બોર્ડ પાસે વિદ્યાર્થીઓ અને પરિવારો માટે માનસિક આરોગ્ય અને સુખાકારીનાં સમર્થન અને સંસાધનો તેમજ માનસિક આરોગ્ય, ખોરાક, નાણાંકીય અને આશ્રય જરૂરિયાતો માટે સમુદાયની મદદની એક વિસ્તૃત સૂચિ ઉપલબ્ધ છે.

## અદ્યતન રહો

2020-21 માટે પુનઃ આરંભ કરવાની બોર્ડની યોજનાઓ વિશે વધુ જાણવા માટે, www.peelschools.org/reopeningની મુલાકાત લો. આ વેબપેજને, નવી માહિતી ઉપલબ્ધ થતાંની સાથે, અદ્યતન કરવામાં આવશે.

## વ્યાખ્યાઓ:

કોહર્ટ્સ**:** વિદ્યાર્થીઓ સમગ્ર શાળા-દિવસ દરમિયાન, ઘણા શિક્ષકો અથવા પોતાના વર્ગના વિવિધ પ્રકારના સાથી વિદ્યાર્થીઓના મર્યાદિત સંપર્કમાં રહે એ માટે, તેમને નાના જૂથમાં રાખવાની પ્રથા એ 'કોહર્ટિંગ' છે,  આ પ્રથા એક વિદ્યાર્થી સાથેના સંપર્કમાં આવતા અન્ય વિદ્યાર્થીઓની સંખ્યાને મર્યાદિત કરે છે.

ડિસ્ટન્સ લર્નિંગ: દૂરસ્થ શિક્ષણમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ**,** પીલ બોર્ડના શિક્ષક દ્વારા પ્રદાન કરવામાં આવતા ઑનલાઇન શિક્ષણ દ્વારા ઘરે ભણશે. આમાં લાઇવ**,** રીઅલ-ટાઇમ ભણતર તેમજ ફોલો-અપ પ્રવૃત્તિઓનું મિશ્રણ સામેલ છે, જેના પર તેઓ ઘરે કામ કરશે.

ક્વાડમેસ્ટર**:** માધ્યમિક શાળા-વર્ષને ક્વાડમેસ્ટર તરીકે ઓળખાતા ચાર સમયગાળામાં વિભાજિત કરવામાં આવશે. દરેક ક્વાડમેસ્ટર લગભગ 10 અઠવાડિયાં લાંબું હોય છે. દરેક વિદ્યાર્થી ક્વાડમેસ્ટર ઉપરના બે અભ્યાસક્રમો પર ધ્યાન કેન્દ્રિત કરશે.